## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**સરકી રહયું છે આભ ધરાની સુવાસમાં**
**કોઇ હસી રહ્યું છે મારી આસપાસમાં !**

**- મહેશ પ્રજાપતિ**

### પાથેય

- રમેશ ઠક્કર

## પરોઢનો પગરવ

ઉઘાડ એ વહેલી સવારનો હોય કે કોઈપણ ઘટનાનો એની ઓળખ બની જતો હોય છે.કોઈ પણ ગીત એના મુખડાથી જ મનગમતું બની જતું હોય છે.આપણે ત્યાં કહેવાયું છે કે જેની સવાર સુધરી એનો આખો દિવસ સુધર્યો..વહેલી સવારની પ્રાર્થના આખા દિવસ માટેનું ભાથું બની જતી હોય છે. આપણે કોઇ નવલકથા વાંચીએ છીએ ત્યારે એની શરૂઆતનાં પાનાં જ નક્કી કરી દે છે કે એ કેટલી રસપ્રદ હશે..અંગ્રેજીમાં એક કહેવત છે કે સારી શરૂઆત એ અડધી સફળતા બરાબર હોય છે.આપણે ત્યાં બીજી રીતે પણ આ જ વાતને કહેવાઈ છે કે રોતો જાય એ મૂઆના ખબર લાવે ?

જાણેઅજાણે આપણે સહુ કોઈપણ મહત્વના કામની શરૂઆત કરીએ છીએ ત્યારે એના શુકન અપશુકનના પૈસાને ધ્યાને રાખીએ છીએ.આપણા ત્યાં તો લગ્નગીતોમાં પણ શરૂઆત એ રીતે થાય છે કે શુકન જોઇને સંચરજો રે..એટલે કે પ્રથમ ચરણ જો મકકમ ના ભરીએ તો કોઈપણ મહત્ત્વનું કામ સારી રીતે પાર પાડી શકાતું નથી.રમતના મેદાનમાં ઉતરતા કોઇ ખેલાડી એના તરવરાટ થકી જ એક અનુસંધાન સાથે છે.એનું આગમન જો ઉત્સાહના ફુવારા જેવું ના હોય તો ઘણીવાર પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું થતું હોય છે..થનગનતું એનાં ડગલાં મેદાનની નિર્જીવતાને ધબકતી બનાવી દે છે..ક્રિકેટમાં ઓપનિંગ જોડીનું આગવું મહત્વ છે.એની રમત ઉપર જ આખી ટીમનો દારોમદાર રહેલો હોય છે.

ઘણા માણસોના નિરસતા જાણે ઘેરીને જ બેઠી હોય છે.વહેલી સવારે એ નિરાંતે ઉઠતા હોય છે..આપણા વગર દુનિયામાં શું ઉભું રહેવાનું છે એવી એક મનોદશા હોય છે.પથારી છોડ્યા પછી પણ એ નિરાંતે દિવસની શરૂઆત કરતા હોય છે.જે માણસની શરૂઆત આવી હોય એનો આખોદિવસ એ પછી એવો જ રહેતો હોય છે..ગણિતના દાખલામાં જેમ એક સ્ટેપ જો તમે ખોટી રીતે મૂકો તો એ પછી આખો દાખલા ખોટો પડતો હોય છે એમ શુષ્ક શરૂઆત એ નિરસતાના નિમંત્રણ જેવી બની જાય છે.

શુષ્કતાની પડખે જ દ્વિધા ઉભી હોય છે..મોડો ઉપહાર માણસ હંમેશાં અવઢવમાં હોય છે..બ્રશ પહેલાં કરૂં કે પહેલાં રૂમ સરખો કરૂં ? નાસ્તો કરી લઉં કે ન્હાવા માટે પહેલો જાઉં ? જે માણસ વહેલો ઉઠી જાય છે એ થનગનતા ઘોડા જેવો હોય છે. એની પાસે સમયની પૂરી છૂટ હોય છે.એની પ્રાયોરિટીમાં કોઈ સંદેહ ભક્તો નથી..જે માણસ સારી શરૂઆત કરી શકતો નથી એના જીવનમાં સુરેખ ચિત્ર ઉપસતું નથી...ગૂંચવાડો એ જયારે એના રસ્તાને ઘેરી વળે ત્યારે એ દિશાવિહીન બની જાય છે..હિન્દીમાં સરસ રીતે આ વાત કહેવાય છે..દુવિધામેં દોનોં ગયે..ન માયા મીલી ના રામ..!

આપણા વડવાઓ વહેલી સવારે ઉઠી જતા. એમનું પહેલું કામ ઈશ્વરની પ્રાર્થના કે સવારની આરતી રહેતું... સાફસુથરું આંગણું અને એ પછી સાદો નાસ્તો કરી ખેતર કે કામના સ્થળ તરફ જવાની રીતભાત એને અનોખો લય આપતી.આખોદિવસ તનતોડ મહેનત કરી રાત્રે વહેલા સૂઈ જવા સુધીનો એનો સમય હર્ષોભર્યો રહેતો..આજે માણસની વાત જુદી છે.એની સવાર જ કંટાળાથી શરુ થાય છે. મોડી રાત સુધીની દોડધામ સ્પર્ધા અને અનેકવિધ હાડમારી વચ્ચે એનો કોઈ અગ્રતાક્રમ જવાતો નથી..અને એટલે જ સવારથી સાંજ સુધી આમતેમ અથડાતા માણસ તણાવ સિવાય કશું જ પ્રાપ્ત કરી શકતો નથી..જે માણસ વહેલી પરોઢના વૈભવ થકી એક હૂંફાળી શરૂઆત કરી શકતો હોય એ જ આખા દિવસને આનંદમય આયામ આપી શકતો હોય છે.

# ઐતિહાસિક ચુકાદાને સાર્વત્રિક સમર્થન

**તંત્રીસ્થાનેથી...**

અમદાવાદના નૃશંસ બોમ્બ બ્લાસ્ટનો ઘણાં લાંબા વખત પછી આવેલ ચુકાદો દેશની ન્યાયપાલિકાના ઈતિહાસમાં માઈલ સ્ટોન સાબિત થશે એમા શંકાને સ્થાન નથી.

આવા ચુકાદા પાછળ પોલીસથી લઈ રાજય સરકાર, કેન્દ્ર સરકાર અને ન્યાયતંત્ર દ્વારા લેવાયેલ અક્ષમ પરિશ્રમનો કદાચ જોટો જડવો મુશ્કેલ છે. પરંતુ જે કુનેહ અને ધીરજ સાથે વર્તમાન પોલીસવડા અને તે સમયના ધારાશાસ્ત્રીઓ અને નીડર ન્યાયાધીશો દ્વારા લોજિકલ અંત સુધી પહોંચવાનો પ્રયાસ થયો છે તે ખરેખર દાદ માગી લે છે. રાજીવ ગાંધી હત્યા કેસનું કાવતરું પકડવું અઘરું નહોતું કારણ કે એમની હત્યા કરનારી તનુ (તમિલમાં આ જ ઉચ્ચાર થાય છે) જીવતો બોમ્બ બનીને ત્રાટકી હતી. અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના આતંકી જૂથમાં પણ તત્કાલીન મુખ્યમંત્રીને ટાર્ગેટ કરવાનો ઈરાદો હતો પરંતુ સુરક્ષાચક્ર એટલું જડબેસલાક હતું કે ભેદવું અઘરું હતું. નિર્દોષ લોકોનું લોહી વહેવડાવીને પોતે ગોધરાકાંડ પછીના જનાક્રોશથી નિર્દોષ મુસ્લિમોના નરસંહારનો બદલો લેવાની થિયરી કોઈ પણ ધર્મગ્રંથ માન્ય ન જ કરે. પરંતુ ભોપાલની જેલમાં રહ્યા રહ્યા મોતની સજા સાંભળ્યા પછી પણ વિચલિત નહીં થયેલા આતંકવાદીની પ્રતિક્રિય કોઈ પણ રાષ્ટ્ર માટે બલકે સમસ્ત માનવજાત માટે ખતરાની ઘંટી સમાન છે. એને બહુ હિંમતપૂર્વક કહ્યું છે કે તેના માટે ભારતનું બંધારણ કશા જ મહત્ત્વનું નથી. એ માત્ર એના ધર્મગ્રંથના આદેશને જ અનુસરશે. ધર્મગ્રંથોનો આદર જરૂર કરવો જોઈએ. હિંદુઓએ પણ કુરાનનો આદર કરવો જ જોઈએ કારણ કે સરવાળે તો એ ઈશ્વરીય સંદેશ છે અને મહંમદ પયંગબરે એને સીધો ઝીલીને માનવજાત સમક્ષ રમતો મુક્યો છે. ગાંધીજી એમની પડખે ગીતા, કુરાન અને રામચરિત માનસ - આ ત્રણેય 'ગ્રંથત્રિપુટી' ને લઈને સૂતા હતા. કુરાન પર વિનોબા ભાવેએ અદ્દલ 'ગીતા પ્રવચનો' જેવું જ 'કુરાનસાર' પુસ્તક લખ્યું હતું. કુરાનમાં કયાંય નિર્દોષ માનવીનું લોહી વહેવડાવાનું લખ્યું નથી. આશા રાખીએ કે દેશના અને દુનિયાના ઈસ્લામના ધર્માવલંબીઓ આવા જઘન્ય કૃત્યોને છાવરે નહીં. એમણે રસ્તો ભૂલેલા અને હિંસાના માર્ગે વળેલા પોતાના મુઠ્ઠીભર લોકોને વેળાસર વારવા જોઈએ એમને દુનિયાના વર્તમાન કાયદાકાનૂન અને જે દેશમાં વસતા હોય તે દેશના નીતિનિયમો પાળવાની શિખામણ આપી પ્રગતિની દિશામાં વાળવા જોઈએ જેથી ઈસ્લામ જેવો શાંતિ અને ભાઈચારાનો પયગામ આપતો ધર્મ બદનામ ન થાય. મહંમદ સાહેબને એ જ સાચી અંજલી બની રહેશે.

# પ્રેમ આરપારના બદલે બારોબાર નીકળી જાય!



**આરપાર**
**રાઘવજી માધડ**

એક વ્હોટ્સએપ મેસેજ ફરતા હતા:આ વેલેન્ટાઇન અને ક્વોરોન્ટાઈ એ બંને સગાં ભાઈ-બહેન લાગે છે.એકને ચૌદ ફેબ્રુઆરી અને બીજાને ચૌદ દિવસ સાથે સંબંધ છે ! પણ આપણે સમજીએ છીએ,આ હકીકત સાચી નથી.ક્વોરોન્ટાઈને માનવજાતને અસ્ત-વ્યસ્ત કરી દીધી.તેને સંત વેલેન્ટાઇન સાથે સરખાવી ન શકાય. પણ આ વ્હોટ્સએપ યુનિવર્સિટીમાં ઉપજેલી એક રમૂજી પેદાશ છે. તેની માત્ર મઝા લેવાની હોય !

આપણે ત્યાં અનેક પ્રકારના 'ડેઝઉજવવાનો સીલસીલો શરુ થયો છે.તેમાં મધર્સ ને ફાધર્સ ડે પણ આવે છે.આ દિવસે જ મા-બાપને યાદ કરવાના ? ભાઈ,યાદતો તેને કરવા પડે જેને ભૂલી ગયા હોઈએ ! પણ જે રાત-દિવસ હૃદયમાં રમતાં અને મનમાં ભમતા હોય તેને યાદ કરવાનો પ્રશ્ન જ પેદા થતો નથી.

મૂળતો આ વેલેન્ટાઇન ડે એટલે સંવેદનાને સોહાર્દપૂર્વક રજુ કે અભિવ્યક્ત કરવાનો સોહામણો દિવસ.ભારત સાથે વિશ્વના વિવિધ દેશોમાં વિરોધના વંટોળ વચ્ચે આ ડે વિસ્તરતો જાય છે.આ નિમિતે તમે તમારા ગમતાં પાત્રને ગુલાબનું ફૂલ આપી પ્રપોઝ કરી શકો.હા,છટકી ને લટકી ગયેલો સવાલ છે : આ એક જ દિવસ પ્રેમપ્રસ્તાવનો હોયતો બાકીના દિવસોમાં શું ? પણ નફરત જાહેરમાં રજુ કરી શકાય છે, એમ પ્રેમ છડેચોક થઇ શકતો નથી.આજે સોશ્યલ મીડિયાએ પ્રેમની પ્રસ્તુતિને સાવ સરળ,સસ્તી ને પસ્તી જેવી બનાવી દીધી છે.વ્હોટ્સ પર મેસેજ કરી દેવાના-તું મને બહુ ગમે છે...સામે મનઈચ્છિત પ્રતિભાવ મળેતો ઠીક,નહિતર 'સોરી' અથવા ભૂલથી તમને મોકલાઇ ગયું આવું કહી સરળતાથી છટકી જવાનું. આવું કરનાર ખરેખર સભાન હોય છે-લાગે તો તીર નહિતર તુક્કો ! પણ મૌનથી ચાલે ત્યાં ગર્જના નકામી છે !

કોઈ વ્યક્તિ એવી નહીં હોય જેને જીવનમાં કોઈ એવું પાત્ર ગમ્યું ન હોય...પણ, તું મને ગમે છે એવું કહેવા જીભ જ ઉપડે નહી,વિચારણામાં આખો જન્મારો ચાલ્યો જાય.આપણે ત્યાં મળ્યું તેને ગમતું કરી લેવાની સામાજિક પરંપરા જૂની અને ઊંડી છે.પણ ભૂંડી છે એવું નહીં કહી શકાય.અને ગમે એ પાત્ર મળે જ એવો કોઈ કયાંય લેખિત કરાર,દસ્તાવેજ થયો નથી.જીવનમાં ઘણું ચલાવી પડતું હોય છે.પ્રેમની અભિ વ્યક્તિ માટે વાચા કે શબ્દો હોતા નથી.જે કહ્યું તે શબ્દો હોય અને ન કહ્યું તે પ્રેમ ! પ્રેમપદારથ અનુભૂતિનું તત્વ છે.જે મીરાં પામી શકી હતી.પ્રેમમાં હોવું એ જગતની એક અદભુત ભાવસ્થિતિ છે. પ્રેમમાં નજર સાથે વ્યક્તિ પણ બદલાઈ જાય અને પછીતો તેને સઘળું સારું ને પ્યારું લાગે. અમુતા પ્રીતમ કહે છે:પ્યારમાં પડવાનું ન હોય પણ ઊભા થવાનું,આગળ વધવાનું હોય ! અને વ્યક્તિના જીવનમાં વેલેન્ટાઈન એક જ વાર આવે, વારંવાર નહીં. અને આવેતો કદાચ તે કોરોના થયાનું ક્વોરોન્ટાઈ હોય શકે !

એક સાહિત્યિક કૃત્તિમાં પ્રેમિકા કહે છે:હું તારા મનમંદીરના ઘુમ્મટમાં ઉજાસ માફક પ્રસરી કે પથ રાઈ જવા માગું છું. તો સામે પ્રેમી કહે છે:હું વરસાદની માફક તારી રાહ જોઈએ...કોઈ માંગણી નહી, વાયદો કે એકરાર નહીં.જે છે,જે લાગી આવ્યું છેતે શબ્દમાં ગુંથી કોઈ બડાશ કે કડવાશ વગર હળવાશથી રજૂ કર્યું. આ છે,ઉત્કૃષ્ઠ પ્રેમની લાગણીથી તરબતર થતી અજોડ,અભિન્ન અભિવ્યક્તિ.પ્રેમ પ્રાર્થનાનું એક સ્વરૂપ છે.

આ પ્રેમને તેના કોઈ પાસવર્ડ વગર ખુલ્લા મનથી ને ભર્યા દિલથી અભિવ્યક્ત કરવાનો આ ખાસ દિવસ છે.ગમતી પ્રવુત્તિ કરવાના વ્યક્તિના અધિકારને કહેવાતી સંસ્કૃત્તિના નામે વિરોધ ન હોઈ શકે. પણ અભિવ્યક્ત કરવા માટેનું પાત્ર યોગ્ય છે કે કેમ..? તેની ખાતરી કરવી અનિવાર્ય છે. ક્યારેક એવું બને નળ ચાલુ હોય,પાણી આવતું હોય છતાંય નીચેનું પાત્ર ભરાયા વગર ખાલી જ રહે.તેમાં કોઈનો દોષ હોતો નથી પણ પાત્ર કાણું કે તૂટેલું હોય જેથી તમારી અભિવ્યક્તિ આરપારના બદલે બારોબાર નીકળી જાય !

**છેલ્લે :**

**'લોકો કહે છે,પ્રેમ આંધળો હોય છે.પણ હું કહું છું પ્રેમને જ આંખો હોય છે.બાકીનું બધું આંધળું હોય છે.'**

**- ઓશો.**

### દિન મહિમા

- નેશનલ હૂડી ડે
- વિશ્વ સામાજિક ન્યાય દિવસ : સામાજિક ન્યાય ગરીબી નાબુદીને કેવી રીતે અસર કરે છે તે જોવા લોકોને પ્રોત્સાહિત કરવા માટે દર વર્ષે ૨૦ ફેબ્રુઆરીએ વિશ્વ સામાજિક ન્યાય દિવસ મનાવવામાં આવે છે.

આજનું

### ઔષધ

- બદામના તેલના નિયમિત ઉપયોગથી કોલેસ્ટ્રોલ ઓછું થાય છે એટલે કે તે હૃદયના સ્વાસ્થ્ય માટે લાભદાયી છે.

### ખડખડાટ

- શિક્ષક : ફળ તોડવાનો સૌથી સારો સમય કયો ? વિદ્યાર્થી : માલિક ઊંઘતો હોય ત્યારે જ...!!

આજનો

### વોટ્સએપ

- પ્રબળ આત્મવિશ્વાસ જ મહાન કાર્યોનો જનક છે.

# આવો, માતૃભાષાના મહત્વને સમજીએ...



**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

આવતીકાલે. એટલે કે ૨૧, ફેબ્રુઆરીએ આખુ વિશ્વ ''માતૃભાષા દિવસ'' ઉજવશે. આજે માતૃભાષાનું મહત્વ ખુબ વધ્યું છે. કેમ કે કોઈપણ રાજ્ય કે પ્રદેશની સંસ્કૃતિ એની માતૃભાષા થકી જીવિત રહેતી હોય છે. એમાં રચાતું સાહિત્ય તત્કાલીન સમાજની છવિ દર્શાવતું હોય છે.

ગુજરાતી આપણી માતૃભાષા છે અને આપણને સૌને ગુજરાતી બોલવું વાંચવું ગમે છે. ગુજરાતી હોવાનું ગૌરવ આપણને સૌને છે. કેમ કે આપણા સૌના સંસ્કાર, વિચાર, આચાર સઘળું ગુજરાતી છે. આપણે જે દશ્યો કે સપના જોઇએ છીએ તે ગુજરાતી છે. આપણે જે કાન દ્વારા સાંભળીએ છીએ તેનો પ્રથમ અર્થ ગુજરાતી જ હોય છે. આપણને કોઇ સ્પર્શ કરે તો એની અનુભૂતિ પણ ગુજરાતી જ થાય છે. અને આપણે ય સૌને ગુજરાતી જ સ્પર્શ કરીએ છીએ. આપણી આસપાસની કે દૂર દૂરની દુનિયા પણ ગુજરાતી જ છે. આપણને આ પૃથ્વી, આકાશ, ચન્દ્ર, સૂર્ય, તારાઓ, અંધકાર, વરસાદ, પાણી, હવા, ગ્રહો, દેવી-દેવતા, અને આખું બ્રહ્માંડ... બધુ જ ગુજરાતી જ લાગે છે. કેમ કે આપણી નશોમાં જે લાલ રક્ત વહે છે તે પણ ગુજરાતી છે.

મિત્રો, ખરેખર આ ''ગુજરાતી'' શું છે ? એ આપણે સમજીએ છીએ ખરા ? એને આપણે માત્ર ભાષાના અર્થમાં બાંધી દઈને એના અર્થને સીમિત તો નહી બનાવી રહ્યા ને ? યુગો પહેલા ગુર્જરધરા પર વસવાટ કરનાર આર્યો અને એ ધરતીના હવા પાણીના સંસ્કાર શ્વાસમાં વણીને જીવતા આપણે ગુર્જરવાસી — ગુજરાતી થયા આપણા સંસ્કારથી, આપણા સૌનું ડીએનએ ગુજરાતી છે. ભાષા તો આપણા રોજિંદા વ્યવહારનો એકમાત્ર ભાગ છે. વિચાર, સંસ્કાર, નીતિ, રીતિ આ બધુ સુયોગ્ય રીતે મળે છે ત્યારે ગુજરાતી બને છે. એ જ છે ગુજરાતીનું ગૌરવગાન.

માનવજાતના સ્વભાવની જેમ ધરતીના પ્રત્યેક ભૂભાગનો, ત્યાંની પ્રકૃતિનો પણ એક સ્વભાવ હોય છે. એવી રીતે આપણી આ ધરતી પણ યુગો પહેલા આપણા પ્રદાદાઓના પ્રદાદાઓ અને એમના યે પૂર્વજો જ્યારે સભ્ય માનવસંસ્કૃતિમાં પ્રવેશ્યા ત્યારથી આ ધરાની એક આગવી ઓળખ બની છે. અને એ ઓળખ આજે આખા વિશ્વમાં ગુજરાતી તરીકે પ્રસરી છે.

ભાષાની રીતે પણ ગુજરાતી ગૌરવશીલ છે. કેમ કે સંસ્કૃત, હિંદી, ફારસી, પર્સિયન અને ઉર્દૂની જેમ ગુજરાતી ભાષા પણ પૂર્ણ રીતે વૈજ્ઞાનિક છે. એના ઉચ્ચારણોથી સકારાત્મક પ્રભાવ આપણા શરીરના આરોગ્ય ઉપર પડે છે. વિશ્વની મહાન ભાષાઓમાં જેને મૂકી શકાય એવી ગુજરાતી ભાષાનું સાહિત્ય પણ વિશ્વની પ્રત્યેક ભાષામાં પહોંચ્યું છે. એ જ આપણી ભાષાની સિદ્ધિ અને ગરિમા બતાવે છે. પરંતુ આજે આપણી ગુજરાતી ભાષા અને બીજી પ્રાંતિય ભાષાઓ લૂપ્ત થઈ રહી છે. અંગ્રેજીના આક્રમણની સામે માતૃભાષાના અસ્તિત્વને ખતરો છે. આવી બધી વાતો ખાનગી અને સરકારી રીતે વર્ષોથી થઈ રહી છે અને થતી રહેશે. કેમ કે એનાથી બીજા ઘણા સરકારી, રાજકીય લાભો લેવાતા હોય છે. પણ જેના ભાષકો છ કરોડથી યે વધુ હોય, જે ભાષામાં ભગવતગોમંડળથી લઈને બીજા અનેક દળદાર શબ્દકોશો હોય, જે ભાષાના ૬૦૦ વર્ષ પહેલાના આદ્યકવિ નરસિંહ મહેતાના પદો, ભજનો ઉપર વિદેશી યુનિવર્સિટીઓમાં પીએચ.ડી થતા હોય, જે ભાષામાં એક તરફ નર્મદ, ગોવર્ધનરામ ત્રિપાઠી, મુનશી, પન્નાલાલ, રમેશ પારેખ, રાજેન્દ્ર શુકલ જેવા અનેક ઉત્તમ સર્જકો હોય એ ભાષાના અસ્તિત્વને કોઇ આંચ આવવાની નથી. વ્યવહારમાં વપરાતી પ્રવાહી ભાષા હંમેશાં સમૃદ્ધ થતી હોય છે. કેમ કે જે તે ભાષાના ભાષકો અનેક પ્રદેશોમાં વેપારાર્થે, વ્યવહારાર્થે કે સામાજિક કારણે અન્ય ભાષી પ્રદેશોમાં જતા — આવતા હોય છે તેથી અનેક નવા શબ્દો આપણી ભાષામાં પ્રવેશીને સ્થાયી થયા છે. આપણા પોતિકા બની ગયા છે.

ભાષા તો ધસમસતી વહેતી નિર્મળ નદી જેવી છે. જે અનેક અંતરાયો પાર કરીને વિશાળ જનસમૂદાયના મહાસાગરમાં ભળી જતી હોય છે. પરંતુ આજે ભાષા સંદર્ભે ભય ઊભો કરવામાં આવે છે. ભાષાને ધીમે ધીમે રાજકીય રંગે રંગવાના પ્રયત્ન થઈ રહ્યા છે. આપણી ગુજરાતી ભાષા એકદમ યુવાન, સુંદર, તરોતાજા અને સ્વસ્થ હોવા છતાંય ઘણા વિદ્વાનો ભાષા માંદી પડી છે. ભાષા મરી રહી છે, લૂપ્ત થઈ રહી છે એવા વિધાનો જાહેરમાં કરીને ભાષા સંદર્ભે ભય ઉભો કરે છે. કોઈને માતૃભાષામાં અનેક રહસ્યો લાગે છે. કોઈ કહે છે કે ''ળ'' અને ''ણ'' લૂપ્ત થઈ જશે. કોઈને પરભાષાના શબ્દો સામે વિરોધ છે આવા લોકો માને છે કે પરભાષાના શબ્દો આપણી ભાષામાં ઘર કરી ગયા છે. તો કોઈને જુદી જુદી રીતે ઉચ્ચારાતી બોલીઓ સામે પ્રશ્નો છે. પરંતુ ભાષા એ કાંઈ કોઈની જાગીર નથી કે કોઈની સીમિત સમજણને આધીન નથી. ભાષા સંદર્ભે જાહેરમાં વિધાનો કે વિરોધ કરવા માટે એક પ્રકારની ભાષાકીય સજ્જતા અને વૈશ્વિક ભાષાઓના સંપૂર્ણ જ્ઞાનથી સજ્જ પણ હોવું જરૂરી છે. માત્ર વિધાનો કરી દેવાથી તો આપણે જ આપણી માતૃભાષાનું ગૌરવ ઓછું કરીએ છીએ. ભાષા એ કાંઈ શબ્દોનું સીમિત સરોવર નથી. ધસમસતી વહેતી નદીનો પ્રવાહ છે.

આજે માતૃભાષાને લઈને અનેક સંગઠનો, સંસ્થાઓ દ્વારા સંશોધનો, પ્રવૃત્તિઓ, મેળાવડાઓ, અભિયાનો, કાર્યક્રમો થાય છે. તે આમ જોઈએ તો સારી વાત છે આ જ બધુ ભાષાની સમૃદ્ધિ બતાવે છે. ભાષાનો મહિમા થવો જ જોઈએ. પરંતુ એક પ્રશ્ન એ પણ થાય છે કે શું આમ જ ભાષા જીવે છે ? આપણે સ્વતંત્ર થયાને તો હજી માંડ ૭૫ વર્ષ થયા છે તે અગાઉ અંગ્રેજો અને મોગલોનું રાજ હોવા છતાય ૬૦૦ વર્ષથી બોલાતી — લખાતી આપણી ગુજરાતી ભાષા લૂપ્ત થઈ નથી. માંદી પડી નથી. તો હવે તો ઈન્ટરનેટના આ હાઈટેક યુગમાં આપણી ભાષા કેવી રીતે લૂપ્ત થાય ? આજે તો ભાષા સાચવવાના, વિકાસ કરવાના અનેક સંશાધનો છે. જ્ઞાન પ્રાપ્તિના અનેક ઉચ્ચ વિકલ્પો છે. સર્જન કરવાના અનેક સંકલ્પો, સવલતો અને સજ્જતા છે. તો ભાષાને કેવી રીતે કંઈ થાય ? વળી ભાષા એટલે શું ? એની સમજની પણ ગેરસમજો પ્રવર્તે છે. ક્યાંક ભાષાને નામે માત્ર મુશાયરાઓ, કવિસંમેલનો જ થયા કરે છે તો ક્યાંક માત્ર નાટકો જ ભજવાય છે કયાંક માત્ર વ્યાકરણને જ ભાષા માની લેવામાં આવે છે. તો વળે ક્યાંક યુનિવર્સિટીઓમાં માત્ર ભાષાવિજ્ઞાનને જ ભાષા માની લેવામાં આવે છે. શું આ બધી વિવિધ સંકૂચિતતા યોગ્ય છે ખરી ? શું એવું નથી લાગતું કે આપણે જ આપણી માતૃભાષાના સૌન્દર્યને સીમિત બનાવી રહ્યા છીએ. આજે એકપણ સંસ્થા, સંગઠન કે કૉલેજ કે યુનિવર્સિટીઓ એવા નથી કે ભાષાના તમામ પાસાઓ પર કામ કરતા હોય.


ભાષાશુદ્ધિ માટે વ્યાકરણ જેટલું જરૂરી છે એટલું જ ભાષાની અનુભૂતિ કેળવવા માટે પદ્યનું કે ગદ્યનું સર્જન અને એની સમજણ પણ મહત્વના છે. આપણે જ્યારે ભાષાના અસ્તિત્વની વાત કરીએ છીએ ત્યારે જે ભાષા બોલાય છે માત્ર તેની વાત નથી કરતા. પણ જે બોલાય છે, લખાય છે એની પણ વાત કરીએ છીએ. તો જે લખાય છે છપાય છે એ તો સાહિત્ય છે. જેમાં કવિતા, વાર્તા, નાટક, નવલકથા, વિવેચન આ બધુ આવે છે અને આ બધાને કારણે જ ભાષાનો આત્મા સુશોભિત રહે છે. ભાષાશુદ્ધિ હશે પણ એમાં રહેલો વિચાર કે સંવેદના મલિન હશે તો ? ભાષાનું સર્જનાત્મકરૂપ જ ભાષાને સાચું ગૌરવ અર્પે છે. વિશ્વ સમક્ષ ભાષાની ઓળખ — પ્રતિષ્ઠા વ્યાકરણથી નહી અપિતુ એમાં સર્જાતાં સાહિત્યથી બને છે. આપણી ભાષામાં એવા અનેક મહાન સર્જકો — કવિઓ છે જેમને પૂરતું વ્યાકરણ નથી આવડતું પણ સર્જક તરીકે તેમનું સર્જન અનેક ભાષાઓમાં પોખાયું છે. સ્વીકારાયું છે. પરંતુ આપણે ત્યાં માત્ર ભાષાશુદ્ધિને જ '' ગુજરાતી માતૃભાષા '' માની લેવામાં આવે છે. ભાષાશુદ્ધિ અવશ્ય જરૂરી છે જ. એનાથી ભાષાની અર્થસમૃદ્ધિ સૌદર્યવાન રહે છે. પરંતુ આપણે માતૃભાષાનું ગૌરવ વધારવા એના વ્યાપને, એના ઊંડાણને સમજીને એને વિસ્તારવી પડશે. કેમ કે માતૃભાષા દરેક ક્ષેત્રમાં ઉપયોગી છે. સાહિત્યિક રીતે, સામાજિક રીતે બોલાતી ભાષા, વેપાર ઉદ્યોગની ભાષા, મીડિયા — પત્રકારિત્વની ભાષા, ગ્રામીણ બોલીઓ કે લોકભાષાઓ, આદિવાસી કે વંચિતો કે શોષિતોની ભાષા, આપણી માતૃભાષાના આવા અનેક રંગરૂપો છે. અનેક લહેરો છે, કોઈપણ વ્યક્તિ સાહિત્યની ઉત્તમ કૃતિ વાંચીને જ માતૃભાષાના પ્રેમમાં પડે છે. ભાષા એ કાંઈ માત્ર લિપિ નથી. ''અ''થી '' જ્ઞ સુધીના મૂળાક્ષરો જ નથી. પણ ભાષા એ સમગ્ર પ્રદેશનો પ્રાણ છે, આદર્શ છે, દુનિયાની કોઈપણ ભાષાનું આક્રમણ આપણી ગુજરાતીને હરાવી કે હંફાવી શકે એમ નથી. આજે ગુજરાતી ભાષાના અનેક શબ્દોનો ધ્વજ વિશ્વની અનેક ભાષાના શબ્દકોશોમાં લહેરાઈ રહ્યો છે. એનાથી બીજું મોટું ગૌરવ કયું હોઈ શકે ?

આવો, આપણે સૌ સાથે મળીને, નાત જાત, ધર્મ, રાજનીતિ બધુ એક તરફ રાખીને માત્ર ગુજરાતી હોવાનું ગૌરવ લઈને ગુજરાતી ભાષા સાહિત્યનું સન્માન કરીએ. હું મારી જ ગુજરાતી કવિતામાં કહું તો...

'' હું ગુજરાતી તું ગુજરાતી આપણ સૌનું તળ ગુજરાતી
રગ રગ વહેતા રક્તકણોમાં ધમકે છે તે બળ ગુજરાતી ''

- 9426060601.india@gmail.com

# માતૃભાષા : જીવાડશો તો જીવશો..!



**રજ્જળપાટ**
**અજય ઉપાધ્યાય**

'મને ફાંકડું અંગ્રેજી ન આવડવાનો અફસોસ નથી પણ મને કડકડાટ ગુજરાતી આવડવાનો ગર્વ છે' આવું વીર કવિ નર્મદે કહેલું. આજે ભલે અંગ્રેજી આવડવું ગર્વની નિશાની ગણાતી હોય તો પણ ગુજરાતી કડકડાટ બોલી કે લખી શકતા લોકો પણ કાઇ લઘુમતીમાં તો નથી જ આવ્યા અને આ જ તો માતૃભાષાની મહતા છે. મારી ને તમારી માતૃભાષા ગુજરાતી છે અને તમે આ વાંચતાં હશો એના એક દિવસ પછી એટલે કે ૨૧ મી ફેબ્રુઆરી ને સોમવારે 'વિશ્વ માતૃભાષા દિવસ' ની વ્યાપક ઉજવણી થઈ રહી હશે, પણ આ ઉજવણીની આંખો આંજી દેતી રોશનીમાં હૈયામાં અંધકાર પ્રસરાવી દેતો એક પ્રશ્ન છે જેનો જવાબ મને ને તમને જાણવો અને આપવો જરૂરી છે અને એ પ્રશ્ન છે કે '' શું આપણે આપણી માતૃભાષા ભૂલતા જઈએ છીએ ?''. હું માનું છું ત્યાં સુધી ' વિશ્વ માતૃભાષા દિવસ' ની ઉજવણીના કેન્દ્રસ્થાને પણ આ જ વિચાર.. આ જ સવાલ રહેવાનો. અને આ સવાલ ખાલી ગુજરાતી માટે નથી જ પણ વિશ્વમાં એવી ઘણી બધી ભાષાઓ છે કે જેના લુપ્ત થવાનો કે જેના ભુલાઈ જવાનો ખતરો ઘણા ભાષાવિદોથી લઈને સામાન્ય લોકોને પણ લાગી રહ્યો છે.

' ગુજરાતી મા છે અને અંગ્રેજી માસી, માસી ક્યારેય મા નું સ્થાન લઈ શકે નહીં ' આવા તુલનાત્મક વાક્યોથી ઉપર ઊઠીને મારે ને તમારે ખરેખર ગુજરાતીને જીવતી રાખવાની છે અને આ કામ કોઈ એકનું નહીં પણ સહિયારું છે . વાત અંગ્રેજી કે બીજી ભાષાના આક્રમણની કરવા કરતાં માતૃભાષાને કેમ હજુ વધુ ને વધુ મજબૂત, વધુ ને વધુ સશક્ત અને વધુ ને વધુ લોકભોગ્ય બનાવી શકાય એની કરવી જરૂરી છે. વિશ્વમાં અનેકો ભાષાઓ બોલાય છે અને આગળ લખ્યું એમ અનેકો ભાષા લુપ્ત થવાના આરે પણ છે એવામાં આપણા માટે તો ખુશીના સમાચાર અને ગર્વની વાત એ છે કે ૨૦૧૯ ની એક ગણતરી મુજબ વિશ્વમાં બોલાતી ભાષાઓની ટોપ ટેન ભાષાઓમાં ચોથા નંબરે હિન્દી, પાંચમા નંબરે બંગાળી અને નવમા નંબરે પંજાબી અને દસમા નંબરે મરાઠી ભાષા છે. અને હા બહુ અંગ્રેજી અંગ્રેજી કરતાં લોકોને જત જણાવવાનું કે આ ટોપ ટેનમાં અંગ્રેજી ત્રીજા સ્થાને છે !!! કદાચ એવું લાગે કે અંગ્રેજી વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષા છે તો પ્લીઝ નોટ કે ચાઈનીઝ અને સ્પેનિશ પછી અંગ્રેજીનો નંબર આવે અને એક બીજી વાત પણ નોંધી લો કે વિશ્વના મોટાભાગના લોકો માટે અંગ્રેજી એ સેકન્ડ લેંગ્વેજ છે મતલબ કે મૂળ ભાષા પછીની શીખેલી ભાષા અંગ્રેજી છે અને આ મૂળ ભાષા એ જ તો માતૃભાષા..!!!

'અંગ્રેજી સારું છે પણ ગુજરાતી મારુ છે' ગુજરાતીના બચાવ માટે કે એને મહાન બનાવી દેવામાં બીજી કોઈ ભાષાને ( ખાસ કરીને અંગ્રેજી ને ) નીચી બતાવવાનો કોઈ ઈરાદો નથી કેમ કે માનો કે ના માનો પણ અંગ્રેજી ગ્લોબલ લેંગ્વેજ છે એની ના છે જ નહીં અને અંગ્રેજી આવડવું પણ જરૂરી છે જ પણ કહેવાનું એટલું જ છે કે માતૃભાષાના ભોગે આમ ના થવું જોઈએ. વર્ષ ૨૦૧૧ની એક ગણતરી મુજબ ભારતમાં બોલાતી ભાષાઓમાં ગુજરાતી સાતમા ક્રમે છે અને વૈશ્વિક ભાષાઓની વાત કરીએ તો એમાં ગુજરાતી ૨૪ મા નંબરે છે અને ગજરાતી બોલનારનો આંકડો લગભગ આઠ કરોડની આસપાસ છે. આ વાત છે બોલાતી પ્રથમ ભાષાની. આ આંકડાઓ પરથી તો એવું લાગે છે કે વી ધ ગુંજરાતીઓએ ' ગુજરાતી નામશેષ થઈ જશે ' એવી ચિંતા કરવાની બહુ જરૂર નથી પણ હા જો ચિંતા જ કરવાની હોય તો એ વાતની કરવી જોઈએ કે ગુજરાતીને હજુ વધુ ને વધુ આગળ કેવી રીતે લઈ જવાય ? ગુજરાતીને વધુ લોકપ્રિય કઈ રીતે કરી શકાય ? જેમ બીજી ભાષાઓમાં થઈ રહ્યું છે એમ જ ગુજરાતી પર અંગ્રેજી શિક્ષણનો પ્રભાવ વધતો જાય છે અને આ અંગ્રેજી શિક્ષણના પ્રતાપે ગુજરાતીમાં વાતો કરતા પાંચ સગાઓ કે લોકો વચ્ચે મો વકાસીને ઉભા રહેતા તમે કે તમારા બાળકને જોવું ના હોય તો એટલીસ્ટ અંગ્રેજી શિક્ષણની સાથે સાથે એ ગુજરાતી બોલે- વાંચે — સમજે કે લખી શકે એટલું તો થઈ શકે ને...? એમાં કયા કાઈ તકલીફ પડવાની છે ? અને આમ પણ વિશ્વમાં ઘણા બધા લોકો માતૃભાષા સીવાય બીજી શીખેલી ભાષા તરીકે અંગ્રેજી શીખતા હોય છે તો અહી જરા ઉલટાવીને બીજી ભાષા તરીકે માતૃભાષા બોલે તો ગુજરાતી રાખી / શીખી શકાય જ ને..!

કોઈપણ ભાષા એના બોલનારને લીધે ફુલેફાલે છે અને ભાષા જાય તો સંસ્કૃતિ જાય એવું કહેવાય છે પણ ગુજરાતી ભાષા એ માત્ર માતૃભાષા ના રહેતા એક સંસ્કૃતિ છે અને ગુજરાતી સંસ્કૃતિ એમ કાઈ નામશેષ થવાની છે નહીં એ હકીકત છે પણ સાથે સાથે એ વાત પણ અગત્યની છે કે પેઢી દર પેઢી ગુજરાતીને એક હાથથી બીજા હાથોમાં હેન્ડઓવર કરતાં રહેવી પડશે અને એના માટે જરૂરી રહેશે કે રોજબરોજના કામોમાં ગુજરાતીનો ઉપયોગ વધે. શાળામાં કે અભ્યાસમાં ભલે ગુજરાતી સિવાયની ભાષાનું કદાચ પ્રભુત્વ રહે પણ ઘરમાં તો ગુજરાતી ભાષાનું જ રાજ ચાલતું રહેવું પડે. એ માટે દિલમાં ગુજારાતીને જીવતી રાખવી પડશે જ. ધંધા કે નોકરીમાં અંગ્રેજીનો ઉપયોગ બરાબર છે પણ વ્યવહારમાં — બોલચાલમાં - ઘરમાં — સમાજમાં ગુજરાતી ભુલાવું ના જોઈએ. ' ટ્વિંકલ ટ્વિંકલ લિટલ સ્ટાર ' સ્કૂલ માટે રાખી મૂકવાનું પણ ઘર માટે તો ' એક બિલાડી જાડી એણે પહેરી સાડી ' જ બરાબર છે. ગુજરાતી ભાષાનું મહત્વ વાંચવાથી કે લખવાથી નહીં પરંતુ બોલવાથી વધ્યુ છે. નો ડાઉટ ગુજરાતીમાં શ્રેષ્ઠ સાહિત્ય સર્જાયું છે પણ ઈન્ટરનેટના જમાનામાં વાંચવું કોઈને ભલે ગૌણ થઈ ગયું હોય એમ લાગતું હોય પણ હકીકત એ છે કે ગુજરાતીમાં લખાતા, છપાતા અને વહેચાતાં પુસ્તકોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે અને આ એટલા માટે થાય છે કેમકે ગુજરાતી વંચાય તો છે જ બસ એને પેઢી દર પેઢી વધુ વાંચતુ — બોલતું અને લખતું કરવાનું છે.

આમ જુઓ તો એક ભાષાને બીજી ભાષા સાથે ક્યારેય કોઈ દુશ્મનાવટ નથી હોતી એનું કારણ છે કે દરેક ભાષાનો પોતાનો આગવો ઈતિહાસ, અંદાજ, મિજાજ અને એક લહેકો હોય છે. માણસ જ્યારે બોલતાં શીખે ત્યારે તે માત્ર ભાષા જ નથી શીખતો એ અંદાજ, એ મિજાજ અને એ લહેકો પણ શીખે છે. ગુજરાતી ભુલાતી જાય છે એવી વાતોમાં એટલે બહુ દમ લાગતો નથી કેમકે ગુજરાતીમાં પ્રકાશિત થતાં પુસ્તકોની સંખ્યા, ભાષાના મેળાવડામાં યુવાનોની વધતી સંખ્યા, ઓનલાઈન સાઈટો પરથી કે પબ્લિશર પાસેથી વેચતા પુસ્તકોની સંખ્યા આ બધુ વધતું જાય છે. ઈન્ટરનેટ અને અંગેજીના કહેવાતા આક્રમણ વચ્ચે પણ સોશિયલ સાઈટો પર વધુ ને વધુ લોકો ગુજરાતીમાં પોતાની વાત કહી રહ્યા છે. નવા જમાનાની સાથે ચાલતી નવી પેઢી ગુજરાતીને પણ સાથે લઈને ચાલી રહી છે એનો અંદાજ સફળ ગુજરાતી ફિલ્મો, વેબ સિરિઝો, પુસ્તકો, કાવ્યો અને સોશિયલ સાઈટો પરથી મળી રહે છે. ગુજરાતી ગીતો હજુયે સદાબહાર છે અને એવું જ કાવ્યો માટે પણ કહી શકાય. ગુજરાતી ભાષા એમ ક્યાંય નાબૂદ થવાની છે નહીં, એટલીસ્ટ નજીકના વર્ષોમાં તો નહીં જ. હા એને વધુ ઊંચે લઈ જવાની જરૂર છે અને એને માટે વધુ ને વધુ ગુજરાતી વંચાય, લખાય,બોલાય અને ખાસ તો આ બધુ કોઈ જાતની શરમ રાખ્યા વગર ગર્વથી થાય એવા વાતાવરણ તરફ મારે ને તમારે બધાએ જવું પડશે. કોઈપણ ભાષા રાતોરાત નથી ભુસાતી પણ જો એને જાળવનારાઓને સહકાર ના મળે, આવનારી પેઢીને માતૃભાષાના મહત્વ વિષે જ્ઞાન ના મળે અને ખાસ તો માતૃભાષા માટે દિલમાં ગર્વ અને સન્માન ના આવે તો પછી ભાષાને કોઈ બચાવી ના શકે. સીધી વાત છે કે આપણે માતૃભાષાને જીવાડીશું તો માતૃભાષા આપણને જીવાડશે..!!!!!